**-: આંક-૧ ચાર્જશીટ લગત હુકમ :-**

સદર કેસના પેપર્સ વંચાણે લીધા તેમજ નામદાર હાઈકોર્ટના પત્ર નંબરઃ (૧) **D/2917/2006,Dt.27.04.2006** તથા (૨) **D/2917/2006,Dt.10.06.2006** વંચાણે લીધા. તેમજ નામ. સુપ્રિમ કોર્ટે **રેણુકા વિ.સ્ટેટ ઓફ કર્ણાટકા, ૨૦૦૯ ક્રિમી.લો જર્નલ ૨૨૪૫માં** ઠરાવેલ છે કે, આરોપી સામેનો કેસ સમન્સ ટ્રાયેબલ હોય અને આરોપી લાંબા સમયથી ગેરહાજર હોય અને આરોપીએ પોતાનું સરનામું બદલી કાઢેલ હોય અને આરોપી બાબતે કોઈ માહિતી મળતી ના હોય તો ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૨૫૮ અન્વયે આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહી સ્ટોપ કરી શકાય. વધુમાં નામ.સુપ્રિમ કોર્ટ. **પી.રામેશ્વરરાવ વિ. સ્ટેટ ઓફ કર્ણાટકના પેરા-૩૦ (૫)માં ઠરાવ્યા મુજબ,** મેજીસ્ટ્રેટ પોતાની વિવેક બુધ્ધિની સત્તા અન્વયે કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિમી.પ્રોસી.કોડની કલમ-૨૫૮ સ્ટોપ કરી શકે છે. આમ સદર કેસ પેપર્સ તથા પ્રોસીડીંગ્સ જોતા આરોપી સામે લાંબા સમયથી સમન્સ/વોરંટના પ્રોસીડીંગ્સ ચાલે છે. આરોપી વિરુધ્ધનું સમન્સ/વોરંટ કોઈપણ રીતે બજતુ નથી કે સમન્સ/વોરંટમાં બતાવેલા સરનામે રહેતા ન હોવાનાં શેરા સાથે પરત આવેલ છે જે જોતા જણાય છે કે, પોલીસ ડિપાર્ટમેન્ટને આરોપી વિરુધ્ધની પ્રોસેસની બજવણી કરવા માટે અત્રેની અદાલતે વારંવાર તક આપેલ છે પરંતુ પોલીસ ડીપાર્ટમેન્ટ આરોપી વિરુધ્ધની પ્રોસેસની બજવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવી શકેલ નથી. આથી ઉપરોક્ત તમામ સંજોગોમાં પોલીસ ડીપાર્ટમેન્ટને આરોપી વિરુધ્ધના પ્રોસેસની બજવણી કરવા માટે પુરતો સમય મળેલ હોવા છતાં આરોપીને સમન્સ/વોરંટ બજાવી શકેલ નથી. આથી પોલીસ ડીપાર્ટમેન્ટને વધુ સમય આપવો ન્યાયોચિત જણાતુ નથી. આથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**- : હુ ક મ : -**

આરોપી સામેના હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ મુજબ બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ- અમદાવાદ.
તા.૧૨/૧૧/૨૦૨૨.

(ડી.આર.જોષી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૪૫.